Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન આત્માનંદ સભા
લાયબ્રેરી – ભાવનગર



# શ્રી આત્માનંદ પ્રકાશ

*

જીવોની સૂક્ષ્મ કોટીની અહિંસા, સ્યાદ્વાદ સિદ્ધાંત
અને સર્વ વિરતિ માર્ગના દાતાર માત્ર અરિહંત
પરમાત્મા છે.

*

પુસ્તક : ૮૯
અંક : ૬

ચૈત્ર
એપ્રીલ
૧૯૯૨

આત્મ સંવત ૯૬
વીર સંવત ૨૫૧૮
વીક્રમ સંવત ૨૦૪૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શ્રી મહાવીર જિન સ્તવન | — | ૫૩ |
| (૨) | ચરમ તીર્થાધિપતિ શ્રી મહાવીર પ્રભુનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર | પ. પૂ. શ્રી વજ્રસેનવિજયજી મ. સા. | ૫૪ |
| (૩) | શ્રી મહાવીરસ્વામીએ કરેલા ચોમાસાઓ | — | ૫૯ |
| (૪) | ભવસાગર તરવા નવ નાવા નૌકા-૯ | વ્યાખ્યાતા : પૂ પ. પ્રદ્યુમ્નવિજયજી ગણી. | ૬૦ |
| (૫) | ભગવાન મહાવીરે કહ્યું ધર્મનું મૂળ વિનય છે | મુનિશ્રી વાત્સલ્યદીપ | ૬૬ |
| (૬) | શ્રી મહાવિરસ્વામીના સત્તાવીસ ભવની ટૂંક હકીકત અને ૩૦ વર્ષનું સંક્ષિપ્ત ચરિત્ર | — | ટાઇટલ-૩ |


## આ સભાના નવા આજીવન સભ્યો

(૧) શ્રી શ્રીકાન્તભાઈ ઈન્દુલાલ મહેતા–કટક.

(૨) શ્રી મનુભાઈ ચંપકલાલ ધ્રુવ–ભાવનગર. (મહારાજા મેડીકલ સ્ટોર)

(૩) શ્રીમતી મધુકાન્તા ભોગીલાલ શાહ–ભાવનગર.

(૪) શ્રીમતી જ્યોતિબેન કીશોરભાઈ શાહ–ભાવનગર.

## —: યાત્રા પ્રવાસ :—

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી સંવત ૨૦૪૮ ના ચૈત્ર શુદ ૧–૨ ને શનિવાર-રવિવાર તા. ૪-૪ ૯૨ ને ૫-૪-૯૨ ના બે દીવસનો યાત્રા પ્રવાસ શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર રાખવામાં આવ્યો હતો. ચૈત્ર શુદ ૧ ને દીવસે દાદાના રંગમંડપમાં નવ્વાણુ પ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી. જેમાં નીચેના સદગૃહસ્થોની વ્યાજુ રકમમાંથી સવાર સાંજ ગુરુ–ભકિત તેમજ પધારેલ સભ્યોની ભકિત કરવામાં આવી હતી.

૧ શેઠશ્રી વનમાલીદાસ ગોરધનદાસ (પછેગામવાળા)
૨ શેઠશ્રી પોપટલાલ રવજીભાઈ સલોત
૩ શેઠશ્રી ખીમચંદભાઇ પરશોત્તમદાસ (બારદાનવાળા)
૪ શેઠશ્રી હઠીચંદ ઝવેરભાઈ શાહ (હઃ શ્રી ભૂપતરાય નાથાલાલ શાહ)
૫ શેઠશ્રી કાન્તીલાલ રતીલાલ સલોત
૬ શેઠશ્રી સાકળચંદ મોતીલાલ મુળજીભાઇ
૭ શેઠશ્રી કપુરચંદ હરીચંદ માચીશવાળા
૮ શેઠશ્રી વૃજલાલ ભીખાભાઈ દલાલ
૯ શેઠશ્રી નાનચંદ તારાચંદભાઈ (હઃ શ્રી ભૂપતરાય નાથાલાલ શાહ)
૧૦ શેઠશ્રી બાબુલાલ પરમાણંદદાસ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્‌તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ., બી. કોમ, એલ. એલ બી.



## શ્રી મહાવીર જિન સ્તવન.

જગપતિ તારક શ્રી જિનદેવ,
દાસનો દાસ છું તાહરો,
જગપતિ તારક તું કિરતાર,
મનમોહન પ્રભુ માહરો. ૧

જગપતિ તાહરે તો ભક્ત અનેક,
મારે તો એક જ તું ધણી;
જગપતિ વીરમાં તું મહાવીર,
મૂરતિ તારી સોહામણી. ૨

જગપતિ ત્રિશલા રાણીનો તન,
ગન્ધાર બંદર ગાજીઓ;
જગપતિ સિદ્ધારથ કુળ શણગાર,
રાજરાજેશ્વર રાજીયો. ૩

જગપતિ ભગતોની ભાંગે છે ભીડ,
ભીડ પડે પ્રભુ પારીખે;
જગપતિ તુંહી પ્રભુ અગમ અપાર,
સમજ્યો ન જાય મુજ સારીખે. ૪

જગપતિ ઉદય નમે કર જોડ,
સત્તર નેવ્યાસી સમે કિયો;
જગપતિ ખંભાત જંબૂસર સંઘ,
ભગવંત ભાવશું ભેટિયો. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચરમ તીર્થાધિપતિ શ્રી મહાવીર પ્રભુનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર

પ. પૂ શ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબ



જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં બ્રહ્મણપુર નામે એક ગામ હતું. ત્યાં ઋષભદત્ત નામે બ્રાહ્મણ રહેતો હતો અને દેવાનંદા નામની તેની ભાર્યા હતી. અષાઢ સુદ છઠ્ઠના દિવસે નંદનમુનિનો જીવ દશમાં દેવલોકમાંથી ચ્યવીને દેવાનંદાની કુક્ષિમાં અવતર્યો. અને તે વખતે તીર્થંકર ભગવાનના જન્મને સૂચવનારા ચૌદ મહાસ્વપ્નોને દેવાનંદાએ દેખ્યા અને પ્રાતઃકાળે પોતાના સ્વામીને વાત કહી અને સ્વપ્નના ફળ તરીકે તેમણે કહ્યું કે વેદનો પારંગામી એવા પુત્ર-રત્નની તને પ્રાપ્ત થશે. દેવા-નંદાના ગર્ભમાં પ્રભુના આવ્યા પછી ૮૨ દિવસ વ્યતીત થયા અને સૌધર્મ ઇંદ્રનું આસન કંપાય-માન થયું અવધિજ્ઞાનથી પ્રભુને દેવાનંદાની કુક્ષિમાં આવેલા જાણી શક્રેન્દ્ર સિંહાસન પરથી ઉભા થઇને નમસ્કાર કરીને આ પ્રમાણે ચિતવવા લાગ્યા. જગતનાં ચિંતા-મણી જગતના નાથ એવા અરિહંત હંમેશા છીપમાં મોતીની જેમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇક્ષ્વાકુ વિગેરે ક્ષત્રિય વંશમાં જ ઉત્પન્ન થાય છે એમ વિચારીને નૈગમેષી દેવને બોલાવીને ક્ષત્વરે આજ્ઞા કરી અને પ્રભુને ક્ષત્રિયકુંડ નગરના સિદ્ધર્થ નામના રાજાની ત્રિશલા રાણીની કુક્ષિમાં સંક્રમ કર્યો આ રીતે પ્રભુનાં ગર્ભહરણનો પ્રસંગ થયો અને ત્રિશલા મહારાણીએ ચૌદ મહાસ્વપ્નોને જોયા સ્વપ્નના ફળ તરીકે ત્રણ લોકના નાથ તીર્થંકર પ્રભુ અવતર્યા છે એ પ્રમાણે સ્વપ્ન પાઠકોએ કહ્યું.

પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે "મારા હલન ચલનથી માતાને વેદના ન થાય" માટે સ્થિર રહ્યા. પ્રભુ સ્થિર રહ્યા તેથી માતાને ચિંતા થઈ કે મારા ગર્ભને શું થયુ ? નાશ પામ્યો કે કોઈએ ગર્ભ હરી લીધો, હવે મારે જીવવાનું કામ નથી. આ પ્રમાણે ત્રિશલા મહારાણી ઘણો ખેદ પામ્યા. એ સમાચારથી રાજા સિદ્ધાર્થ પણ ખેદ પામ્યા. ત્રણ જ્ઞાનના ધણી પ્રભુએ અવધિજ્ઞાનથી જાણીને તરત હલન ચલન શરૂ કર્યું. તે વખતે પ્રભુએ ચિંતવ્યું કે હું હજુ અદૃષ્ટ છું, છતાં મારા માતા પિતાને મારા પર આટલો સ્નેહ છે તો હું દીક્ષા લઈશ તો જરૂર સ્નેહના વશથી તે મૃત્યુ પામશે. માટે માતાપિતાના જીવતાં હું દીક્ષા લઈશ નહિ. આ પ્રમાણે પ્રભુએ ગર્ભમા જ અભિગ્રહ કર્યો. લોકોત્તર નાથની પણ માતાપિતા પર કેવી અદ્ભુત ભક્તિ છે. એ સૂચવે છે કે માતાપિતાનો અત્યંત ઉપકાર છે.

અનુક્રમે ગર્ભ સ્થિતિ પૂર્ણ થયે છતે, સર્વ દિશાઓ પ્રસન્ન હતી સર્વ ગ્રહો ઉચ્ચ સ્થાને આવ્યા હતા પવન અનુકૂળ વાતો હતો. જગત બધું હર્ષથી પૂર્ણ થયું હતું તે સમયે તે નવ માસ અને સાડા સાત દિવસ વ્યતીત થતાં ચૈત્ર સુદ તેરસના દિવસે ત્રિશલા દેવીએ સિંહના લાંછનવાળા સુવર્ણવાન કાંતિવાળા અત્યંત સુંદર પુત્રને જન્મ આપ્યો.

છપ્પન દિક્કુમારીકાઓનું આગમન થયું પછી સૌધર્મ ઇંદ્ર પણ આસન કંપાયમાન થવાથી પ્રભુનાં જન્માભિષેક મહોત્સવ કરવા માટે આવ્યા. પ્રભુને મેરુગિરિના શિખર ઉપર લઈ ગયા તે અવસરે ભક્તિની કોમળ ચિત્તવાળા શક્રને વિચાર આવ્યો કે આટલા બધા જલનો ભાર પ્રભુ શી રીતે સહન કરશે ? ઇંદ્રની શંકા દુર કરવા માટે પ્રભુએ લીલા માત્રથી વામચરણના અંગુઠાથી મેરુગિરિને દબાવ્યો તત્કાળ આખો પર્વત કંપાયમાન થયો. અવધિજ્ઞાનથી ઇંદ્ર મહારાજા નિહાળે છે કે આ શો ઉત્પાત થયો છે ? પ્રભુના પરાક્રમની લીલા ત્યાં જાણવામાં આવી અને ઇંદ્ર મહારાજાએ કહ્યું કે હે નાથ ! અસાધારણ એવું તમારું માહાત્મ્ય મારા જેવા સાધારણ કેવી રીતે જાણી શકે માટે મેં જે વિપરીત ચિંતવ્યું તે મારું દુષ્કૃત્ય મિથ્યા થજો,

પ્રભુનાં જન્મ મહોત્સવને ઉજવીને પ્રભુને માતા પાસે સ્થાપન કર્યા. રાજા સિદ્ધાર્થે પણ પરમાત્માનો જન્મ મહોત્સવ કર્યો. કારાગૃહમાંથી સર્વ કેદીઓને છોડી મૂક્યા અરિહંત જન્મ ભવ્ય પ્રાણીઓને ભવમાંથી પણ છોડાવે છે. પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારથી ધનધાન્યની વૃદ્ધિ થવા લાગી માટે પ્રભુનું 'વર્ધમાન' એવું નામ પાડયું. અને પ્રભુ મોટા ઉપસર્ગોથી પણ કંપાયમાન થશે નહિ એવું ધારીને જગતપિતાનું 'મહાવીર' એવું નામ ઇન્દ્ર મહારાજાએ પાડયું.

એક વખત આઠ વર્ષની વયે પ્રભુ સમાનવયવાળા રાજપુત્રની સાથે રમતાં હતાં. ઇંદ્ર મહારાજાએ દેવતાઓની સભામાં પ્રભુ મહાવીરનાં પરાક્રમની વાત કરી. તે સાંભળી કોઇ મત્સરી દેવ મહાવીરને હું ક્ષોભ પમાડું એવું ધારીને પ્રભુની સાથે ક્રીડા કરવા આવ્યો. દેવો ત્યાં આગળ સર્પ થઇને રહ્યો. પ્રભુએ લીલા માત્રમાં તે સર્પને દૂર ફેંકી દીધો. પછી રમતમાં જે હારે તે પોતાના પીઠ પર ચડાવીને વહન કરે એ પ્રમાણેની શરત હતી તે દેવ હારી ગયો અને પ્રભુ તેના પીઠ પર ચડયા. તે દેવ તો વધવા લાગ્યો પ્રભૂ ત્યુ ૧૦૩૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાણી ગયા અને મુષ્ટિ માત્રના પ્રહારથી વામન કરી નાંખ્યો. તે દેવ પણ ઇંદ્રએ વર્ણન કરેલા ભગવાનના ધૈર્યને પ્રત્યક્ષ જોઇને પોતાનું સ્વરૂપ પ્રગટ નમન કરીને પોતાના સ્થાને પાછો ગયો.

પ્રભુ આઠ વર્ષના થયા એટલે મોહવશ માતા-પિતા પ્રભુને નિશાળે લઈ ગયા. તે વખતે પણ ઇંદ્રનું સિંહાસન કંપાયમાન થયું. અરે શું સર્વજ્ઞ પ્રભુને ભણવાનું હોય? એમ વિચારીને ઇંદ્ર મહારાજા આવ્યા અને પ્રભુને ઉપાધ્યાયના સ્થાને બેસાડયા અને પ્રભુનો મહાત્મ્ય વધાર્યો.

અનુક્રમે યૌવન વયમાં પ્રભુ આવતા ગૃહવાસથી વિમુખ હોવા છતાં પણ ભોગકર્મ પણ બાકી છે અને માતાપિતાની આજ્ઞા પણ માનવી જોઇએ એમ વિચારીને યશોદા નામની રાજકન્યા સાથે પાણિ-ગ્રહણ કર્યું. વિષય સુખ અનાસક્તપણે ભોગવતા પ્રભુને પ્રિયદર્શના નામની પુત્રી થઈ પ્રભુના જન્મથી ૨૮ વર્ષ વ્યતીત થતાં માતાપિતા મૃત્યુ પામ્યા અને પ્રભુએ ભાઇ નંદિવર્ધનની પાસે દીક્ષા લેવાની રજા માંગી.

નંદિવર્ધન પણ શોકથી ગદ્‌ગદિત થઇને બોલ્યા કે હજુ માતાપિતાનો વિયોગ ભૂલાયો નથી અને દીક્ષાની વાત કરી વધુ દુ:ખી શા માટે કરો છો? જયેષ્ઠબંધુના આગ્રહથી પ્રભુ ભાવયતિ થઈ, એક વરસ ગૃહસ્થાવાસમાં નિર્ગમન કર્યું.

લોકાંતિક દેવતાઓએ આવીને હે પ્રભો! તીર્થ પ્રવર્તાવો' એ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી પ્રભુએ વાર્ષિક દાન આપ્યું ત્યાર પછી શિબિકામાં આરૂઢ થઇને જગત્ પ્રભુ ઉદ્યાનમાં પધાર્યા પ્રભુએ ત્યાં સર્વ આભૂષણોનો ત્યાગ કર્યો. પંચ મુષ્ટિ લોચ કર્યો. ઇંદ્ર મહારાજાએ પ્રભુના શરીર ઉપર દેવદૂષ્ય નાખ્યું. પ્રભુએ '**करेमि सामाइअ**' ની પ્રતિજ્ઞા કરી. આ રીતે જન્મથી ત્રીસ વરસ નિર્ગમન થતાં માગશર વદ દશમના દિવસે દિવસના પાછલા પહોરે છઠ્ઠનો તપ કર્યો છે એવા પ્રભુને ચારિત્રની સાથે મન:પર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું.

દીક્ષા લીધા પછી ત્રણ જગતના પતિ મહાવીર સ્વામીએ ત્યાંથી વિહાર કર્યો. હવે પરીષહો અને ઉપસર્ગોની ફોજ જાણે પ્રભુની પાછળ જ પડી ન હોય એ રીતે સૌ પ્રથમ ગોવાળિયાથી પ્રભુને ઉપસર્ગ ચાલુ થયો. પ્રભુના શરીર પર જે સુગંધી દ્રવ્યનો વિલેપન કર્યો હતો તેની સુગંધથી ખેંચાઈને ભમરાનો ઉપસર્ગ શરૂ થયો. શૂલપાણિ નામના યક્ષે પણ પ્રભુને ઘોર ઉપસર્ગો કર્યા. ચંડકૌશિક સર્પનો પણ પ્રભુને ઘોર ઉપસર્ગ થયો છતાં પણ કરુણાસાગર એવા પ્રભુએ બુજઝ બુજઝ ચંડકૌશિક એવા મીઠાં-મધુરા વચન વડે તેને પ્રતિબોધ્યો. અને વેરની સામે પણ પ્રેમના આદર્શનો આ દૃષ્ટાંત આપતા ગયા.

સુદષ્ટ નામના એક નાગકુમાર દેવે ત્રિપૃષ્ઠના ભવનું વેર સંભારીને પ્રભુને ઉપસર્ગો કર્યા. પ્રભુએ સમભાવે તે ઉપસર્ગોને સહન કર્યા અને તે વખતે કંબલ-શંબલ નામના બે દેવે આવીને ઉપસર્ગનું નિવારણ કર્યું.

તે અરસામાં ગોશાળો મળ્યો અને પ્રભુનો શિષ્ય ગયો તે ગોશાળો પોતાના પ્રવૃત્તિ દ્વારા પ્રભુને અનેકવિધ કષ્ટો આપવામાં નિમિત્તભૂત બન્યો. ત્યારપછી કટપુતના નામની વ્યંતરીએ પણ પ્રભુને ભયંકર ઉપસર્ગ કર્યા. પ્રભુને તેના દ્વારા કરાયેલા શીત ઉપસર્ગને સહન કરતાં વિશેષ પ્રકારનું અવધિજ્ઞાન પ્રગટ થયું. સંગમ નામના દેવે પણ કાયોત્સર્ગ કરી રહેલા પ્રભુને એક રાત્રિમાં ૨૦ ઘોર ઉપસર્ગો કર્યા છતાં પણ પ્રભુ પોતાના ધ્યાનની ધારામાંથી ચલિત ન થયા. ૬ મહિના સુધી પ્રભુને ઘોર ઉપસર્ગો કરીને પાછો જતો હતો ત્યારે પણ પ્રભુની આંખો કરુણાથી આર્દ્ર થયેલી હતી. ભયંકર ઉપસર્ગો કરનારની સામે પણ પ્રભુની કરુણા બેનમુન હતી

ત્યાર પછી પ્રભુએ ઘોર અભિગ્રહ ધારણ કર્યો કે 'કોઈ સતી અને સુંદર રાજકુમારી દાસીપણાને પામેલી હોય, પગમાં લોખંડની બેડી હોય, માથું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૂંડેલું હોય, ભૂખી હોય, રૂદન કરતી હોય, એક પગ ઉંબરમાં અને બીજો બહાર રાખી બેઠી હોય તેવી સ્ત્રી સૂપડાંને ખૂણે રહેલાં અડદના બાકુળા મને વહોરાવે તો હું પારણું કરીશ.'

પ્રભુનાં અભિગ્રહનું પારણું ચંદનબાળાએ કરાવ્યું. રાજકુમારી હોવા છતાં પણ પરિસ્થિતિ વશ ધનાવહ શ્રેષ્ઠીને ત્યાં ઉછરી રહી હતી અને મૂલા શેઠાણીએ ઇર્ષ્યાવશ તેની આવી સ્થિતી કરેલ. ક્ષુધાથી તે પીડીત હતી. બેડીથી બાંધેલ હતી. માથે મુંડિત કરેલ હતી અને સૂપડાંના ખૂણે અડદના બાકુળા શેઠે તેને આપ્યા હતા અને બેડી તોડવાને માટે લુહારને બોલાવવા માટે શ્રેષ્ટી બહાર ગયા અને તે વખતે રાજકુમારી વિચારે છે કે મારો રાજકુળમાં જન્મ ક્યાં? અને મારી આ સ્થિતિ ક્યાં? આ નાટક જેવા સંસારમાં દરેક વસ્તુ અન્યથા થઈ જાય છે. છતાં પણ કોઈ અતિથિ આજે મને મળે તો તેને આપીને પછી હું જમું. આવી દુઃખી સ્થિતિમાં પણ તેને બીજાને આપીને હું જમું એવો ભાવ આવે છે તે તેની ઉત્તમ પાત્રતા છે. આર્યદેશની આ સંસ્કૃતિ હતી કે અતિથિને જમાડયા પછી જમવું. તેવામાં વીર પ્રભુ ભિક્ષાને માટે ફરતાં ફરતાં ત્યાં આવી ચડયા અને ચંદનાએ પાંચ માસને પચ્ચીસ દિવસનું પ્રભુને પારણું કરાવ્યું દેવતાઓએ પંચદિવ્ય ત્યાં પ્રગટ કર્યા અને ઇન્દ્રએ કહ્યું કે પ્રભુને જ્યારે કેવળજ્ઞાન થશે ત્યારે વીરપ્રભુની પ્રથમ શિષ્યા થશે.

ત્યાર પછી સૌથી છેલ્લો ઉપસર્ગ પણ ગોવાળિયા દ્વારા કાનમાં ખીલાં ઠોકાવવા દ્વારા થયો. ખરક વૈદ્યે તે ખીલાને કઢયા. તે વખતે પ્રભુને અસહ્ય વેદના થઇ તેમની ચીસના નાદથી પૃથ્વી પણ ફાટી ગઇ આ પ્રમાણે પ્રભુને ઉપસર્ગોનો પારંભ ગોવાળિયાથી શરૂ થયો અને પૂર્ણતા પણ ગોવાળથી થઇ. ખીલાના ઉદ્ધારનો ઉપસર્ગ તે પ્રભુનો ઉત્કૃષ્ટ ઉપસર્ગ હતો. આ રીતે સાડા બાર વર્ષ સુધી ઘોર ઉપસર્ગો અને પરીષણો સહન કરતાં પ્રભુ પૃથ્વીતલ પર વિચર્યા. સાડા બાર વર્ષના તપમાં પણ પ્રભુએ ત્રણસોને ઓગણપચાસ પારણાં કર્યા. આમ ઘોર તપને કરતાં પ્રભુ ઋજુવાલિકા નામની નદીના કિનારે આવ્યા. અને ત્યાં આગળ શામવૃક્ષની નીચે ઉત્કટિકા આસને રહીને ધ્યાનની ધારામાં વર્તના ક્ષપક શ્રેણી પર આરૂઢ થયેલાં પ્રભુના ચાર ઘાતીકર્મ તત્કાળ તૂટી ગયા અને વૈશાખ સુદ ૧૦ના દિવસે પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

દેવતાઓએ આવી પ્રભુના કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા માટે સમવસરણની રચના કરી અને પ્રભુ સિંહાસન પર બેઠાં ઈંદ્ર મહારાજાએ પ્રભુની સ્તુતિ કરી અને પ્રભુએ પણ દેશના આપવાની શરૂઆત કરી.

પ્રભુ દેશનાની અંદર ચાર પ્રકારના ધર્મનુ વર્ણન કરી રહ્યા છે દાન-શીલ, તપ અને ભાવ તેમાં દાન એ ધર્મનું પ્રથમ અંગ છે. દાનથી ધર્મની વૃદ્ધિ થાય છે પરિગ્રહ સંજ્ઞાને દૂર કરવાની વૃત્તિથી નિત્ય દાન ક્રિયાનો અભ્યાસ કેળવવો જોઇએ. સાત ક્ષેત્રમાં પોતાની શક્તિ પ્રમાણે દાનનો પ્રવાહ વહાવવો જોઇએ ગૃહસ્થના જીવનમાં દાનધર્મની મુખ્યતા હોવી જોઇએ. અભયદાન, જ્ઞાનદાન, સુપાત્રદાન, અનુકંપાદાન એમ દાનના અનેક પ્રકારો છે થોડામાંથી પણ થોડી આપવાની વૃત્તિ હોવી જોઇએ. દુઃખી જીવોને જોઇને અપાતુ દાન અનુકંપા કહેવાય છે. અનુકંપા દાનથી હૃદયની કોમળતાં અખંડ રહે છે. જગતમાં જૈન શાસનની પ્રભાવના થાય છે. દરિદ્રતાના નાશનો ઉપાય દાન છે પુણ્યના યોગે પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો સાતક્ષેત્રમાં યોગ્ય વિનિમય કરવાથી દાન ધર્મ દ્વારા લક્ષ્મીની સાર્થકતા થાય છે. નહિતર એ લક્ષ્મી પરિગ્રહના બંધનમાં જકડાવીને દુર્ગતિમાં લઈ જવા માટે નિમિત્ત બને છે. આવી રીતે દાન ધર્મનું રહસ્ય પ્રભુ સમજાવી રહ્યા છે.

શિયળ ધર્મમાં પ્રભુ સમજાવી રહ્યા છે કે ઇન્દ્રિયોનો અસંયમ એ આપત્તિઓનો માર્ગ છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને ઇન્દ્રિયોનો સંયમ એ સંપદાનો માર્ગ છે તેથી શક્તિ મુજબ ક્રમે ક્રમે સંયમને જીવનમાં અમલી બનાવી તેના પ્રત્યે અત્યંત આદર કેળવવાની જરૂર છે.

અનાદિ આહાર સંજ્ઞાને કાપવા માટે તપ એ પરમ શસ્ત્ર છે. નરકીમાં રહેલો જીવ અકામ નિર્જરાવડે અસહ્ય દુઃખો સહન કરવાથી ૧૦૦ વર્ષમાં જેટલાં કર્મો ખપાવે છે તેટલા જ કર્મ એક નવકારશીનું પચ્ચક્ખાણ કરનારો ખપાવી શકે છે તો પછી ભગવંતની આજ્ઞા મુજબ વિશેષ તપ કરનાર તો અનેકગણું ફળ પ્રાપ્ત કરે

ભવનો નાશ કરવા માટે ભાવધર્મ એ અમોઘ સાધન છે ભયંકરમાં ભયંકર પાપીઓ પણ ઉત્કૃષ્ટ ભાવમાં ચડી જાય છે ત્યારે ક્ષણવારમાં કર્મ ખપાવી પરમપદને પ્રાપ્ત કરે છે. ભરત મહારાજાને પણ અનિત્યાદી ભાવનાથી ભાવિત થતાં આરિસાભવનમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયેલી હતી. કહેવત છે કે 'જેવા ભાવ તેવા ભવ' માટે ભવને સુધારવા માટે પણ ભાવ સારા લાવવા જોઇએ આ રીતે દાન–શીલ-તપ-ભાવ એ ચાર ધર્મનું વર્ણન કરી સંસારની અસારતા સમજાવી.

અનુક્રમે વિહાર કરતાં કરતાં પૃથ્વી તલને પાવન કરતાં પ્રભુ અપાપાપુરીએ પધાર્યા. હસ્તિપાલ રાજાએ સ્તુતિ કરી પ્રભુએ સોળ પહોર સુધી છેલ્લી દેશના આપી.

છેલ્લા દિવસની રાત્રિએ પોતાનો અંતિમ સમય નજીક જાણીને પ્રભુએ વિચાર્યું કે ગૌતમનો સ્નેહ મારા પર અત્યંત છે અને તે જ તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં અંતરાય કરે છે. તેથી તેને દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધવા માટે મોકલી આપ્યા અને અહીં કાર્તિક માસની અમાવાસ્યાની પાછલી રાત્રિએ ચંદ્ર સ્વાતિ નક્ષત્રમાં આવતાં છઠ્ઠનો તપ કર્યો છે. એવા પ્રભુનો જીવનદીપ બુઝાઇ ગયો ઊર્ધ્વગમન કરીને પ્રભુ મોક્ષમાં ગયા.

પ્રભુના નિર્વાણને જાણીને તે સમયે ભાવ દીપકનો ઉચ્છેદ થવાથી સર્વ રાજાએ દ્રવ્ય દીપક કર્યા ત્યારથી લોકમાં દીપોત્સવીનો પર્વ શરૂ થયો.

વીર પ્રભુના નિર્વાણનો મહિમા કરીને ઇંદ્ર મહારાજા નંદીશ્વર દ્વીપમાં અઠ્ઠાઇ મહોત્સવ કરીને પોતપોતાના સ્થાને ગયા.

આ રીતે ગૃહસ્થપણામાં ૩૦ વર્ષ અને વ્રતમાં ૪૨ વર્ષ એમ ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ થયું.

ઇન્દ્રભૂતિ વિગેરે ૧૧ ગણધર હતા. મેઘકુમાર, આર્દ્રકુમાર. નંદીષેણ. ધન્ના. શાલીભદ્ર વિગેરે અનેકોનો પ્રભુએ ઉદ્ધાર કર્યો. ઋષભદત્ત અને દેવાનંદાનો પણ પ્રભુએ ઉદ્ધાર કર્યો. ભયંકરમાં ભયંકર મહાપાપી રોહણિયા ચોર ગોશાળાનો પ્રભુએ ઉદ્ધાર કર્યો.

આ રીતે પરમાત્માએ અનેક આત્માનો ઉદ્ધાર કર્યો. ગૌતમ ગણધર પણ દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધીને પાછા ફર્યા અને માર્ગમાં જ પ્રભુનાં નિર્વાણના સમાચાર સાંભળ્યાં અને તે વિચારવા લાગ્યા કે પ્રભુનું એક દિવસમાં જ નિર્વાણ હતું. છતાં શા માટે મને દૂર મોકલ્યો. અત્યંત શોકાતુર બનીને કરુણ વિલાપ કરવા લાગ્યા ભાવનામાં આગળ વધતાં વિચારે છે કે પ્રભુ તો વિતરાગ હતા. નિર્મમ હતા. મેં વ્યક્તિગત રાગ અને મમતા રાખી તે રાગદ્વેષ તો સંસારના હેતુ છે. તેનો ત્યાગ કરાવવા માટે પ્રભુએ મારો ત્યાગ કર્યો છે. આ પ્રમાણે શુભધ્યાન પરાયણ થતાં ગૌતમમુનિ ક્ષપક શ્રેણીને પ્રાપ્ત થતાં ઘાતિકર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાનને પામ્યા.

આ રીતે ચરમ તીર્થાધિપતિ, આસન્ન ઉપકારી પરમાત્મા મહાવીરનું ચરિત્ર વાંચી વિચારીને સૌ કોઇ અવ્યાબાધ સુખનાં ભોક્તા બનો એ જ મંગલ કામના........



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી મહાવીર પરમાત્માએ છદ્મસ્થપણામાં ને કેવળીપણામાં એકંદર ૪૨ વર્ષના શ્રમણપર્યાયમાં કરેલા ચોમાસાનો અનુક્રમ નીચે પ્રમાણે—

૧ અસ્થિકગ્રામે
૨ રાજગૃહી–નાલંદાપાડે
૩ ચંપા
૪ પૃષ્ઠચંપા
૫ ભદ્રિકા
૬ ભદ્રિકા
૭ આલંભિકા
૮ રાજગૃહી
૯ વજ્રભૂમિ ( અનાર્ય )
૧૦ શ્રાવસ્તિ
૧૧ વિશાળા
૧૨ ચંપા
૧૩ રાજગૃહી
૧૪ વિશાળા
૧૫ વાણિજ્યગ્રામ
૧૬ રાજગૃહી
૧૭ વાણિજ્યગ્રામ
૧૮ રાજગૃહી
૧૯ રાજગૃહી
૨૦ વૈશાળી
૨૧ વાણિજ્યગ્રામ
૨૨ રાજગૃહી
૨૩ વાણિજ્યગ્રામ
૨૪ રાજગૃહી
૨૫ મિથિલા
૨૬ મિથિલા
૨૭ મિથિલા
૨૮ વાણિજ્યગ્રામ
૨૯ રાજગૃહી
૩૦ વાણિજ્યગ્રામ
૩૧ વૈશાળી
૩૨ વૈશાળી
૩૩ રાજગૃહી
૩૪ રાજગૃહી–નાલંદાપાડો
૩૫ વિશાળા
૩૬ મિથિલા
૩૭ રાજગૃહી
૩૮ રાજગૃહી-નાલંદાપાડો
૩૯ મિથિલા
૪૦ મિથિલા
૪૧ રાજગૃહી
૪૨ પાવાપુરી

### એકંદર ૪૨ નીચે પ્રમાણે

| | |
|---|---|
| ૧ અસ્થિકગ્રામે | ૨ ભદ્રિકા |
| ૩ ચંપા–પૃષ્ઠચંપા | ૧ આલંભિક |
| ૧૨ વિશાળા–વાણિજ્યગ્રામ | ૧ શ્રાવસ્તિ |
| ૧૪ રાજગૃહી–નાલંદાપાડો | ૧ વજ્રભૂમિ ( અનાર્ય ) |
| ૬ મિથિલા | ૧ અપાપાનગરી (પાવાપુરી |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તપપદ

# ભવસાગર તરવા
# નવ નાવા નૌકા-૯

વ્યાખ્યાતા : પૂ. પં. પ્રદ્યુમ્નવિજયજી ગણી.

આજે ઓળીનો છેલ્લો દિવસ, તપપદનો દિવસ, સાથે ચૈત્રી પૂનમ, શ્રી ઋષભદેવના પ્રથમ ગણધર શ્રી પુંડરિક સ્વામીજી પાંચ ક્રોડ મુનિવરો સાથે મોક્ષે પધાર્યાનો દિવસ. આજે નવપદનું માંડલુ રચાશે તેમાં સિદ્ધપદની પાસે જ આ તપપદનું સ્થાન છે, એટલે સાધુપદ, તપપદ અને સિદ્ધપદ એમ ક્રમસર આવે, સિદ્ધપદનું અનન્ય કારણ તપ છે. સિદ્ધ થવું હોય તેને તપ કરવું પડે

પ્રભુના શાસનમાં તપ શબ્દની વ્યાખ્યા અને તેના ભેદની વિચારણા ખૂબ હેતુ પૂર્વકની છે તમને આયંબીલ જેવું તપ કોઇ પણ ધર્મમાં નહીં મળે આપણે સામાન્ય રીતે પોતાનાં ઘરનાં ગરમાં રહેવા ઇચ્છીએ છીએ. એ ન મળે તો કોઈ મિત્રનાં ઘરમાં રહીએ. પણ કયારેય શત્રુનાં ઘરમાં રહેવા ઇચ્છતાં નથી. ઉપવાસ એ ઘરનું ઘર છે. આયંબિલ એ મિત્રનું ઘર છે. અને વિગઈ એ શત્રુનું ઘર છે. આયંબીલ એ એવુ તપ છે. જે ધારો તો લાંબા કાળ સુધી કરી શકો તપાગચ્છનાં પ્રવર્તક આચાર્યશ્રી જગચંદ્રસૂરીશ્વરજીએ આ તપ જીવનભર કર્યું હતું. આઠે કર્મમાં જેમ મોહનીય કર્મ જીતવું દુષ્કર છે. તે રીતે પાંચ ઇન્દ્રીયોમાં રસનેન્દ્રીયને જીતવી મુશ્કેલ છે. રસનેન્દ્રીયને જીતવાના ઉપાય આયંબીલ તપ છે.

શાસ્ત્રમાં જે ચાર પ્રકારનાં કર્મો બતાવ્યાં છે. બદ્ધ, સ્પૃષ્ટ, નિધત્ત, નિકાચિત્ત તે ઉત્તરોત્તર અતિ અતિનિબિડ છે. તેમાં પણ નિકાચીત કર્મ તો અવશ્ય ભોગવવા જ પડે છે. આવા નિકાચિત કર્મો પણ આ તપ વડે ખરી પડે છે આ અવસર્પિણીમાં થયેલા ચોવીશ તીર્થંકરોમાં આપણા આસન્ન ઉપકારી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીજીએ સૌથી વધુ તપ કર્યું છે.

"સાડાબાર વરસ જિન ઉત્તમ વીરજી ભૂમિ ન ઠાયા હો,
"ઘોર તપે કેવલ લહયા તેના પદમ વિજય નમે પાયા"

પ્રભુજી સાડાબાર વર્ષમાં કયારે પણ આપણી જેમ લાંબા થઇ સૂતા નથી. સાડાબાર વર્ષમાં માત્ર બે ઘડીની નિદ્રા! અને જે તપ કર્યું તે તપ પણ કેવુ! વધીને પ્રભુએ છ મહીનાનું તપ કર્યું છે.

એવા લાંબા ૧૮૦ ઉપવાસનું પારણું થયું. પછી એમ નહી કે હવે થોડા દિવસ આરામ રાખીએ. પછી કરીશું. પારણાને બીજે દિવસે જ વળી તપ શરૂ અને એ જે તપ કર્યું તે બધું નિર્જળ કર્યું. ચોવિહાર કર્યું. ચાહે તવો ઉનાળો હોય તો પણ. આવા તપ પણ અભિગ્રહવાળા કર્યા. જેમકે ચંદન-



For Private And Personal Use Only

બાળાજીના હાથે જે અડદના બાકળાનું પારણું થયું તે અભિગ્રહવાળુ તપ હતું આ તપમાં દિવસની સંખ્યા પહેલેથી નક્કી ન હોય. એટલે રોજ મધ્યાહ્ન સમયે ભિક્ષા માટે પ્રભુ નગરમાં પધારે. દ્રવ્ય ક્ષેત્ર કાળ ને ભાવથી એમ,

જે ચાર પ્રકારનો અભિગ્રહ હોય તે જુવે જ્યાં એ ચારે પ્રકારનો અભિગ્રહ પૂર્ણ થાય ત્યાં ભિક્ષા સ્વીકારે, રોજ જ જવાનું, અભિગ્રહમાં એક નિયમ છે કે જે બનવાનું હોય, બની શકે તેમ હોય તેનોજ અભિગ્રહ લેવાનું. આપણને ક્યારેક એમ લાગે કે ગમે તેવો અભિગ્રહ લઇએ તો પૂર્ણ થાય ? હા પૂર્ણ થાય જ પણ ક્યારે તે નક્કી નહીં. તમારી પાસે ધીરજ જોઇએ. આ કાળમાં પણ આ બની શકે છે, બને છે. જેમ કે એક મુનિવરે એવો અભિગ્રહ લીધેલો કે મારે લીલું શાક ત્યાગ, કોઇ આઠ વર્ષની દીકરી રોતી રોતી ચપ્પાથી શાક વ્હોરાવે તો ખપે. કેવો વિચિત્ર લાગે તેવો અભિગ્રહ છે. પણ આ પૂર્ણ થયો સાત વર્ષે પૂર્ણ થયો પોતે ગોચરી તો જતા જ એમાં એક વાર મોડા જવાનું થયું. ઘરમાં બે જણા માં અને દીકરી. માં ચોકડીમાં વાસણ માંજતા હતા. દીકરી નાની રીસાયેલી, નિશાળે જવાની ના પાડે. માં એ ઠપકો આપેલો. રડી રહે. તેમા મુનિ મહારાજે ધર્મલાભ કહ્યો. માના તો હાથ કાચા પાણીએ અડેલાં છે. દીકરી સિવાય કોઇ નથી. ઘરના બધાએ જમી લીધું છે. એટલે બીજું કાંઈ નથી માત્ર થોડું શાક છે. તે વ્હોરાવવાનું કહ્યું. વ્હોરાવવા ચમચી નથી. જે હતી તે માંજવામાં છે. એટલે બાજુમાં પડેલું ચપ્પુ લીધું. ચપ્પા વડે વ્હોરાવે છે, આ રીતે અચાનક જ મુનિ મહારાજનો સાત વર્ષે અભિગ્રહ પૂર્ણ થયો. પ્રભુને પણ અભિગ્રહ છે તે દુષ્કર છે દ્રવ્યથી સૂપડાંમાં અડદના બાકુળા, ક્ષેત્રથી એક પગ ઊંબરાની બહાર અને એક પગ ઊંબરની અંદર, કાળથી બધા ભિક્ષાચરો ભિક્ષા લઇ ગયા હોય, ભાવથી રાજપુત્રી, દાસી બનેલી માથે મુંડી, હાથે પગે બેડી, અને આંખે આંસુની ધાર હોય, આવો અભિગ્રહ હતો. પ્રભુ રોજ ભિક્ષા માટે નગરમાં પધારે છે. નગરનાં યોગ્ય ભક્તિવંત શ્રાવક શ્રાવિકા પ્રભુને શેનો અભિગ્રહ હશે. ક્યારે પૂર્ણ થશે ? એવી ચિંતા કરે છે અભિગ્રહ પૂર્ણ ન થાય એટલે એક પ્હોર વીતે એટલે પાછાં ગામ બ્હાર જઈ કાઉસગ્ગમાં લીન બની જાય.

આમને આમ પાંચ માસ અને પચ્ચીસ દિવસ વીતે છે. છવ્વીસમાં દિવસે જ આ ઘટનાં બને છે

આ બાજુ ધનાવહ શેઠને ત્યાં રાજપુત્રી ચંદના પ્રત્યે મૂલા શેઠાણીને રોષ થયો છે હેરાન કરવા મોકો શોધે છે. એમાં ધનાવહ શેઠ બ્હારગામ ગયા છે, જોઇતો લાગ મળી ગયો ચંદના તો કમળનું ફૂલ. હજામને બોલાવી માથે મુંડન કરાવ્યુ. હાથમાં બેડી નંખાવી નીચે ભોયર માં પૂરી દીધી. ખાવા પીવાનું કશું મળતું નથી મનમા નવકાર ગણે છે. પુરાણાં રાજમહેલનાં દિવસો યાદ આવે છે ને આંખે આંસુ ઉભરાય છે. દિવસો ઉપર દિવસો વીતે છે. ત્રણ દિવસ ગયા છે. ધનાવહ શેઠ આવી ગયા છે. આવતા વેંત પૃચ્છા કરે છે, પણ મૂલા ગલ્લાં તલ્લાં કરે છે. જવાબમાં કહે છે એ તો ક્યાંક રખડતી હશે. મને શી ખબર. પછીનો દિવસ એટલે ચોથો દિવસ, તે દિવસે તો જમવા ટાણે ધનાવહ શેઠ ન માન્યા, નોકર-ચાકરને પુછયું. ચંદના ક્યાં છે? કોણ બોલે, બધાને મૂલાએ ડારો દીધો હતો પણ ધનાવહને એક ઘરડી દાસીએ જોખમ લઈને પણ કહી દીધું. ધનાવહ દાદરો ઉતરી ભોંયરામાં દોડયા અંધારામાં કશું દેખાય નહી, દીવો કર્યો કમાડ ખોલીને જુવે તો ચંદનાની આંખોમાંથી શ્રાવણ ભાદરવો વરસે છે. હાથે પગે બેડી છે તેને ઉપાડીને બહાર ઓરડામાં ઉમરા પાસે લઇ આવ્યા. ચંદનાનું પડી ગયેલું નીમાણું મોઢું જોઇ ધનાવહને થયું કે આને પહેલા કાંઇ પણ ખાવાનું આપવું જોઇએ. દાસીને કહ્યું જે હોય તે લાવી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપ ! મૂલાએ ચારે ખૂણા સરખા કરી મૂકયા હતાં. છેવટે ઢોર માટેના અડદના બાકુળા મળ્યા. પણ લેવાનું ઠામ નહી ભીત ઉપર લટકતું સુપડુ લીધું. સુપડામાં અડદનાં બાકુળા લાવીને શેઠને આપ્યા. શેઠે ચંદનાને આપી બેડી તોડાવવા લુહારને બોલવવા પોતે જ ગયા, ચંદનાને મનોભાવ થયો કે કોઇ અતિથિં આવે તો આપીને લઉ તે વખતે જ પ્રભુ મહાવીર ભિક્ષા માટે પધાર્યા, પ્રભુએ જોયું તો ચારે અભિગ્રહ પૂર્ણ થયા હતા. ભિક્ષા લેવા પ્રભુએ હાથ પ્રસાર્યા ચંદનાએ ભાવ પૂર્વક અડદના બાકુળા વ્હોરાવ્યા. તેજ વખતે પંચ દિવ્ય દેવ દુંદુભિ ગડગડી બેડી તૂટી ગઇ, વાળ નવા આવ્યા. સાડાબાર કરોડ સોનૈયાની વૃષ્ટિ થઇ રાજા બોલ્યા આ સોનૈયા ચંદનબાળાનાં છે બીજા કોઇ લેશો નહી ?

સાંભળીને ચંદના બોલ્યા છે. આ મૂલા તો મારા પરમ ઉપકારિણી છે. તેને કોઇ દુઃખ દેશો નહી. એમને જો આવું ન કર્યુ હોત તો પ્રભુનો લાભ મને કયાંથી મળત. કેવી વિધેયાત્મક દૃષ્ટિ છે! ઉપકાર કરનારને તો ઉપકારી બધા માને પણ અપકારીને ઉપકારી કોણ માને ! આવા વિરલા જ માને !

આ પ્રસંગે એક વાત કહેવી જરૂરી લાગે છે કોણ જાણે શાથી આવી પણ એક વાત પ્રચલિત છે કે પ્રભુ પધાર્યા અને ચંદનાની આંખમાં આંસુ ન દીઠા. અભિગ્રહ અધૂરો જણાયો અને પ્રભુ પાછા ફર્યા. પ્રભુને પાછા ફરતાં જોઇને ચંદનાને દુઃખ થયું અને આંસુ ધસી આવ્યા. આંસુ આવેલા જોઇને અભિગ્રહ પૂર્ણ થયો જાણી પ્રભુ પધાર્યા અને અડદના બાકુળાની ભિક્ષા લીધી.

આ વાત તર્કથી પણ અસંગત છે. અને શાસ્ત્રથી પણ સંગત નથી પ્રભુ જેવા પ્રભુ એક વાર આવી જાય અભિગ્રહ પૂર્ણ ન થાય અને તેજ વખતે થોડી વાર રહી ફરી ત્યાં પધારે ? આ કેમ મનાય ? વળી આવશ્યક સૂત્ર ની ચુર્ણિ જેવા પ્રાચીન તે પછીના શ્રી વર્ધમાન સૂરિ રચિત મનોરમાં વગેરે ગ્રંથમાં સ્પષ્ટ છે કે જ્યારે પ્રભુ પધાર્યા ત્યારે પોતાના રાજકુંવરીના જીવનના દિવસો સંભારી તે રડતી જ હતી, રૂદન પ્રભુ પાછા ફર્યા તે નિમિત્તનું નથી પણ પોતાના જ જીવનના દુઃખનું છે.

એટલે આપણે હવે આ પ્રભુનાં પ્રસંગમાં આટલો ફેરફાર કરવો જોઈએ. આટલું પ્રાસંગિક વિચારીને આપણે મૂળ વાત પર આવીએ. પ્રભુએ પણ પોતાના શકલ કર્મનો ક્ષય એજ ભવમાં જાણેલો જોયેલો છતાં આવું ઘોર તપ કર્યું. તપ વિના આત્માની સુષુપ્ત શક્તિ જાગૃત થતી નથી. પૂજ્ય ઉપાધ્યાય મહારાજે કહ્યું છે કે-

आत्म शक्ति समुत्थान चेतो वृति निवृति भाव :

આત્માની શક્તિને જાગૃત કરે અને મનની વૃતિને સુષુપ્ત કરી લબ્ધિ શબ્દનો અર્થ શકિત થાય છે. અભ્યંતર તપની પુષ્ટિ માટે બાહ્ય તપ કરવાનું છે. અભ્યંતર તપથી વીર્ય સ્ફૂરાયમાન થાય અને આત્માની અચિન્ત્ય અને અનંત શક્તિ છે, તેનો ઉઘાડ થાય છે. આવી શક્તિના ઉઘાડનું -લબ્ધિની પ્રાપ્તિનું એક માત્ર કારણ તપ છે. આવું તપ તેજ આપણું લક્ષ્ય છે. તપ અણાહાર સ્વરૂપ છે. આહાર તે સંસારનો પર્યાય છે. જ્યાં આહાર ત્યાં સંસાર જ્યાં આહાર નથી ત્યાં સંસાર નથી. સિદ્ધ ભગવંતો અશરીરી છે માટે અણાહારી છે. તે સંસારી નથી પણ મુક્ત છે. એટલે નૈમિત્તિક-બાહ્યતપ કરીને નિત્ય-અભ્યંતર તપનો સંસ્કાર દૃઢ કરવાનો છે. આવું તપ કરનારા એવા એવા આત્મા પ્રભુના શાસનમાં- શ્રીસંઘમાં સંખ્યાબંધ થયા છે. આપણી પાસે સમયની મર્યાદા છે એટલે માત્ર બે ઉદાહરણ જોઈશું. એક પ્રભુ મહાવીરના કાળનું ઉદાહરણ અને બીજું તેઓના નિર્વાણ પછી આઠસો વર્ષ પછી થયેલા મુનિનું ઉદાહરણ જોઇશું.

શ્રમણ ભગવાન મહાવીર મહારાજાના સમયનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉદાહરણ એટલે સ્વનામધન્ય કાકંદી નગરીના ધન્ના અણગાર. આ તપોવન મુનિરત્નનું નામ અને જીવન પ્રસિદ્ધ છે. અનુત્તરોપપાતિક આગમમાં તેઓનું વર્ણન છે.

વિશ્વની વિવિધ ભાષામાં રાજા-મહારાજા, રાણી-મહારાણીના અલંકાર પ્રચુર વર્ણનો ઘણાં મળશે, પણ એક તપસ્વી મુનિનું આવું આદર્શ વર્ણન આ આગમ સિવાય ક્યાંય જોવા નહી મળે. એમાં આખા શરીરના અંગોપાંગનું વર્ણન છે. મગધસમ્રાટ શ્રેણિકે પ્રભુને પૂછ્યું છે કે આપના શિષ્યોમાં ઉત્કૃષ્ટ અણગાર કોણ છે?

"મુનિવર ચૌદ હજારમાં, શ્રેણિક સભા મોઝાર
વીર જિણંદ વખાણીયો, ધન ધન્નો અણગાર"

પ્રભુ તો જે પ્રશ્ન જ્યારે પૂછાય તે ક્ષણે જે મુનિની પરિણતિ નિર્મળ હોય, વર્ધમાનભાવે હોય, ચઢીયાતી હોય તેનું નામ દે. પ્રભુના જ્ઞાનમાં તે વેળાએ આ કાકંદી નગરીના બત્રીશ રમણી આદિ ધન-ધાન્ય પરિવારને વૈરાગ્યથી ત્યજનારા ધન્ના અણગાર હતા એટલે કહ્યુ, ધન્ના કાકંદી ઉત્કૃષ્ટ અણગાર છે. તે વખતે તેઓનો ચારિત્ર પર્યાય માત્ર નવ માહનાનો હતો. નવ મહિના સંયમધર્મની નિર્મળ આરાધના કરીને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા.

જ્યારે તેઓ એ તપ કરતાં ત્યાં આહાર નિરસ વાપરતાં. તપ પરીષહ-ઉપસર્ગ સહીને કાયાની મમતા ઉતારી દીધી હતી.

સ્વદેહનુપિ ગતસ્પૃહ:' શ્રેણિક તેમને વંદના કરવા ગયા. તમને જોયા તો તેમનું શરીર કૃષ થઇ ગયું હતું. હાથની આંગળીઓ સાગરી જેવી થઈ ગઇ હતા. કાન સુકાયેલા કોઠી બડા જેવા થઈ ગયા હતા, પગના તળિયા લાકડાની સપાટ જેવા થઈ ગયા હતાં. ચાલે ત્યારે શરીર ચાલતુ હોય તેવું ન લાગે પણ જીવો જીવેણ ગચ્છઇ। આત્મા જ સ્વશક્તિથી ચાલે છે તેમ લાગે. ચાલે ત્યારે કોલસાથી ભરેલું ગાડું ચાલે અને જે અવાજ આવે તેવો અવાજ આવતો હતો. કાઉસગ્ગ ધ્યાને ઉભા હોય ત્યારે સુકાયેલાં ઝાડનું ઠુંઠું ઉભુ હોય તેમ લાગે. આપણો આ આદર્શ છે.

આપણે તો આ તપ કરીએ. પણ શરીરને ગોબો ન પડે તેની કાળજી રાખીએ. એક એકાસણુ કરીએ તો પણ પહેલા નવકારશીનું વાપરીએ વચ્ચે બપોરનું જમણ અને છેલ્લે સાંજનું વાળુનું વાપરીને એકાસણું પુરૂં કરીએ ઓળી વર્ધમાન તપનો પાયો, ઉપધાન, અઠ્ઠાઇ, આ બધાં નૈમિત્તિક તપ કરીને રાત્રિ ભોજન ત્યાગ, કંદમૂળ અભક્ષ્ય ત્યાગ, દ્વી દળ ત્યાગ, ઉકાળેલું પાણી પીવું, નીત્ય નવકારશી વગેરે નીત્ય તપ શરૂ કરવા જોઇએ. બાર મહીનામાં મહત્વનાં પર્વ દીવસોમાં તો અવશ્ય તપ કરવું જ જોઈએ. અઠ્ઠાઇ ઘર, સંવત્સરિ, જ્ઞાનપાંચમ, મૌન એકાદશી, ત્રણ ચૌમાસી આટલા ઉપવાસ બે શશ્વતી ઓળીમાં બે આયંબિલ, માગશર વદી દશનું પાર્શ્વનાથ પ્રભુના આરાધનાનું એકાસણું આટલું તો પ્રાણાતે પણ કરવું જ જોઇએ. એવો નિર્ધાર હોવો જોઇએ. નીત્ય રાત્રિ ભોજનનો ત્યાગ પાંચ તિથિ અને અમાસ પૂનમ લીલોતરીનો ત્યાગ, બ્રહ્મચર્યનું પાલન, આટલા સંસ્કાર તો જડબે સલાક હોવા જોઇએ.

આખા વર્ષમાં આપણા તપના દિવસ ભેગાં કરીએ તો માંડ દસ બાર દિવસ થાય અને બાકીના બધા પારણાનાં, એક એવા મહા પુરૂષ થઇ ગયા કે જેઓના જીવનમાં એક વર્ષમાં માત્ર ચોત્રીશ જ પારણાના દીવસો આવતા હતા. તેઓનુ નામ કૃષ્ણર્ષિ હતું.

यो मिप्रव्ययदुःखतो व्रतमयाद् यो,
मिग्रहान दुग्रहान ,
दध्रे व्यालविषाकुलान पद्जल रूज्जी·
षियामास: ।
प्रत्यष्ट्' चतुरुतरां व्यरचधद् य:
पारणां त्रिंशत



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

स क्षमापालविबोधनः शमधनः
कृष्णर्षि रास्ता मुदे ॥ १ ॥

જેણે મિત્ર વિયોગ દુઃસહ થતાં
દીક્ષા લીધી આકરી,
ધાર્યા ઘેર અભિગ્રહો પદ જલે,
દુરે કીધા ઝેરને.
આખા વર્ષ વીષે સદા તપ કરે
ને ચોત્રીશ પારણાં,
તે રાજા પ્રતિબોધ દાયિ ભગવન,
કૃષ્ણર્ષિને વંદના.

એવા એવા ઘોર તપ કરે, અભિગ્રહ ધારણ કરે તેથી ઘણી ઘણી લબ્ધિ-શક્તિ પ્રગટી હતી. તેમના પગ ધોયેલા પાણીથી ઝેર ઉતરી જતાં તેઓ જ્યાં પારણાં કરે તે સ્થાને શ્રાવકો ચૈત્યનું નિર્માણ કરતાં, કારણ કે આવા મહા તપસ્વી જે ભૂમિ પર બેઠા હોય તે ભૂમિનો આનાથી ઉતરતો ઉપયોગ ન થવો જોઈએ, ચઢિયાતો ઉપયોગ થવો જોઇએ. તેમનાથી ચાઢયાતા તીર્થંકર પરમાત્મા છે એટલે તેમનું ચૈત્ય બનાવતા. તેઓ મુખ્યત્વે નાગોર રાજસ્થાન) તરફ વીચરતા હતા. તેઓ ઘર તપ પરીષદ સહતાં તેથી તેમનું શરીર શ્યામ પડી ગયું હતું. તેઓને ખબર પડે કે મારા મલ-મૂત્ર, શ્લેષ્મ, થુંકમાં રોગહર શક્તિ છે, લબ્ધિ છે. એવી અહીંના લોકોને ખબર પડી ગઈ છે. તેજ ક્ષણે તેઓ એ ગામથી વિહાર કરી જાય. આવી નિસ્પૃહતા તઓમાં હતી. આ નિસ્પૃહતા એ પણ મહાન તપ છે આભ્યંતર તપ છે ગમે તેવા પ્રચંડ દુઃખ કે પરિતાપને કોઈને પણ દોષ દીધા વીના સહન કરી લેવા તે પણ તપ છે ક્ષમા પણ એક તપ છે.

હવે આપણે નવ દીવસની આરાધનાનો ઉપસહાર વિચારી લઈએ

આજે તપ છે અને આવતી કાલે પારણાં આવશે. તપસ્વીનાં પારણકે પરિક્ષા આવતી કાલે લોલુપતા ન જાગે ચીત્ત વૃત્તિ ઉપર સંયમ રહે તો માનવું કે તપ પરીણત્ થયું છે. તપ કરવું એ એક વાત છે, અને તેને પરીણમાવવુ તે બીજી વાત છે. જેમ ખોરાક ખાવો અને ખાધેલો ખોરાક પચાવવો તેમ આ પણ એના જેવું જ છે.

આવતી કાલે પ્રભુની આડંબર પૂર્વક નૈવેદ્ય પૂજા કરી આહારની આસક્તિ કેમ કરી છુટે તેવી પ્રાર્થના કરવાની છે હવે આપણા પાપો, વિરતિ લેવાતી નથી, લેવા માટે જોઇતી શક્તિ નથી. એટલે અશક્તિ છે; તેથી પાપ છે. આસક્તિ છે. માટે પાપ છે એવું નથી. આટલું તો અંકે થઇ જવું જોઇએ એટલે કે આપણા પાપો આસક્તિના નહી પણ અશક્તિના હોવા જોઇએ.

આવા પરમ તપોમય જીવન જીવનારા દેવ ગુરૂને ધર્મ મળ્યા લોકોત્તર શાસન મળ્યું એટલે વિશ્વાસ જન્મવો જોઇએ કે મિથ્યાત્વ ટળશે. અને સમ્યકત્વ મળશે. સમ્યકત્વ મળ્યું મિથ્યાત્વ ટળ્યુ એટલે મનની રૂક્ષતા રિકતતા અને રંકતા જશે. અને તેને સ્થાને પ્રભુના સ્મરણની ભીનાશ, પ્રભુના નામની ભરપૂરતા અને પ્રભુની કૃપાની સમૃદ્ધિથી ચિત્ત ઉભરાવા લાગશે પ્રભુની કૃપાથી આ સાધ્ય છે.

"દર્શન દુર્લભ સુલભ કૃપા થકી"

પ્રભુના શાસનની ત્રિકરણ યોગે કરેલી આરાધનાનું ફળ વાયા નથી મળતું વાયદે પણ નથી મળતું અમૃત ક્રિયા માટે કહ્યું છે ને "ફળ તીહાં નહીં આંતરોજી."

તો આવી નવપદજી મહારાજની નવ-દિવસની આરાધનાના પ્રભાવે જીવતાં ખુમારી મરતાં સમાધિ, પરલોકે સદ્ગતિ. જરૂર મળશે. કારણ કે પ્રભુ સાથેનું અનુસંધાન જોડયું છે. પાપ સાથેનો અનુબંધ તોડયો છે. તેથી પ્રભુનું અનાયાસ સ્મરણ સતત રહે છે. અને સંસારનાં પાપ પ્રવૃત્તિ પ્રત્યે હવે સહજ અકારણ અણગમો જાગ્યો છે. આ સામાન્ત ઉપલબ્ધિ નથી.

શ્રીપાળને પણ નવ નાટક શાળા મળી હતી પણ કયારે પણ તેણે એ નાટકો ટીકી ટીકીને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોયા નથી. સુરસુંદરીએ નાટક શાળામાં હતા પણ તેમને તો સાવ છેલ્લે તેની ખબર પડી છે. આવા આરાધક પુરુષને પ્રાપ્તમાં મુર્છા ન હોય, અને અપ્રાપ્તની ઇચ્છા ન હોય. પેલા ધાતુ વાહીએ કહ્યું કે આટલું સોનું લઇ જાવ, પરાણે આપતો હતો. તો શ્રીપાળે કહ્યું કે,

" કુણ ઉચકે એ ભાર "

આ પ્રાપ્તમાં નિર્લેપતા છે અનાસક્તિ છે. આપણા માટે શ્રીપાલ મયણાનું જીવન એ આદર્શ શ્રાવક-શ્રાવિકાનું જીવન છે. તેઓમાં રહેલી કૃતઘ્નતા આદિ ગુણમંડિત જે સજ્જનતા છે તે આપણે આપણા જીવનમાં લાવવાની છે આ સજ્જનતા એ ધર્મનો પાયો છે. તેઓની શ્રી સિદ્ધ ચક્ર પ્રત્યેની શ્રદ્ધા વિશ્વાસ કેવા દૃઢ છે.

સિદ્ધચક્ર મુજ એક મનોરથ પૂરશે,
એહીજ મુજ આધાર વિઘન સવિ ચૂરશે.
થિર કરી મન વચ કાય, રહ્યો એક ધ્યાને શુ,
તન્મય તત્પર ચિત્ત થયું તસ જ્ઞાન શું

વીતરાગ દેવને અન્યયોગના વ્યવચ્છેદ દ્વારા અને અયોગનાં વ્યવચ્છેદ દ્વારા આરાધવાના છે.

બીજા કદી નહીં ભજુ,
તને કદી નહીં તજુ

આ આપણો અફર નિર્ધાર છે આ શાસન સાથેનો આદિ અનંત સંબંધ સ્થાપીને આપણે આ ભવને આપણો પહેલો ભવ બનાવી દઈએ. આ પહેલો ભવ નક્કી થયો, તો છેલ્લો ભવ નક્કી થઈ ગયો સમજવો. જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી પ્રભુ અને પ્રભુનું શાસન અવશ્ય મળે તેવી પ્રાર્થના કરીએ આરાધનાના ફળ સ્વરૂપે તે જ માગીએ.

દુ:ખમાં સમાધિ અને સુખમાં સદ્બુદ્ધિ મેળવીને જીવન ખુમારીથી અને મરણ સમાધીથી મહોત્સવ રૂપ બનાવીએ, ભવો ભવમાં પ્રભુનું શાસન પામીને ઉત્તરોત્તર મંગળ માળા વરીએ એજ.

# મુનિશ્રી વાત્સલ્યદીપજીના ત્રણ પુસ્તકોનો
# ભવ્ય વિમોચન સમારોહ.

સુપ્રસિદ્ધ ચિંતક, વકતા, અને લેખક જૈન મુનિવર્યશ્રી વાત્સલ્યદીપજીના ત્રણ પુસ્તકો (૧) ભીતર સુરજ હજાર. (૨) તુમ ચંદન હમ પાણી. (૩) રણથી ઝરણનું ભવ્ય વિમોચન. સંસદ સભ્ય શ્રી હરિસિંહ ચાવડાના હસ્તે થયું, અને તે પ્રસંગે તેમણે પોતાની લાક્ષણિક શૈલીમાં જણાવ્યું કે મુનિશ્રી વાત્સલ્યદીપનું સર્જન તેમણે ગુજરાતી ભાષાના અગ્રણી સર્જકોમા સ્થાન આપે તેવું સમૃદ્ધ છે. આ સર્જનમાં માનવીને ખોટુ કરતા અટકાવવાની શક્તિ છે હું તેને અંતરથી આવકારું છું.

લાયન્સ કલબના હોલમાં યોજાયેલા આ સમારોહમાં પૂ. મુનિશ્રીની પ્રેરણાનુંસાર પંડિત હલસુખભાઈ માલવણીઆનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉદ્બોધન કરતાં ડો. કુમારપાળ દેસાઈએ પૂ. મુનિશ્રી વાત્સલ્યદીપના સર્જકત્વને બિરદાવ્યુ હતું. શ્રી વાત્સલ્યદીપ ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રજનીકાંત શાહે પ્રતિવર્ષ ટ્રસ્ટ તરફથી રૂા. ૫૦૦૧ નો એવોર્ડ જૈન સાહિત્યના અભ્યાસીને આપવાની જાહેરાત કરી હતી.

મુનિશ્રી વાત્સલ્યદીપજીએ સૌનાં ધર્મપ્રેમને અભિનંદતુ આશિર્વચન કહ્યું હતું. વિશાલ જૈન સમાજ અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં આજે જૈન લોટસ ગૃપની સ્થાપના કરવામાં આવી હતી.

ઉપરોક્ત પુસ્તકો ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ તથા નવભારત સાહિત્ય મંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ તથા અન્ય જૈન પુસ્તક વિક્રેતાઓને ત્યાંથી મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરે કહ્યું : ધર્મનું મૂળ વિનય છે

લેખક : મુનિ વાત્સલ્યદીપ

રાજગૃહિના રળિયામણા માર્ગ પરથી અનંન-લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી પસાર થઇ રહ્યા છે એમના દેહ પર ચારિત્ર્યનું તેજ ઝળાંહળાં થાય છે. મુખમંડળની પછવાડે વિસ્તરેલું આભા-મંડળ એમના સાનની ગવાહી દે છે નેત્રો માર્ગ પર સ્થિર કરીને એ ચાલે છે ને ચિત્તમાં પ્રભુ મહાવીરનાં વચનો રમ્યા કરે છે. આજે જ પ્રભુને પોતે એક સવાલ કર્યો હતો.

'પ્રભુ, ધર્મનું મૂળ શું ?'

એ પ્રશ્ન સાંભળીને જ્ઞાની પરમાત્માના મુખ પર વિમલ હાસ્ય રમી રહ્યું હતું. તેમણે કહ્યું હતું, 'ભંતે, ધર્મનું મૂળ વિનય છે.

એ ઉત્તરમાં કેવું સત્ય ઝળકી રહ્યું છે ગણધર ગૌતમસ્વામીને વિચાર આવી ગયો : વિનય વિના ધર્મ ન હોય : વિનય વિના વિદ્યા ન હોય : વિનય એ તો જીવનની પિઠિકા છે, જીવનની આધારશિલા છે. વિનય વિના જિંદગીનો વિકાસ થતો નથી. આજે જ, પ્રાતઃકાળે સમવસરણમાં કેવું બન્યુ ? એમના ચિત્તાકાશમાં એ પ્રસંગ અવતર્યો :

એ બાળક મુનિ બાળ મુનિ અઇમુત્તા પ્રભુની સન્મુખ નતવદને ખડો થઈ ગયો ત્યારે તેના ચહેરા પર વિનયની વિવેકની કેવી દીપ્તિ મહોરતી હતી ! એ બાળક, કેવો નાનો છે એ એની નાની નાની કીકીઓમાં આંસુની ઝલક હતી. એણે આવીને પ્રભુને કહ્યું : 'પ્રભુ, આજે હું સ્થવિરમુનિ સાથે જંગલભૂમિ ભણી ગયેલો ને ત્યાં સરોવરમાં મેં પાત્ર રમવા મૂક્યું તો મુનિજી કહે કે 'એમાં પાપ લાગે!' પ્રભુ, એ દોષનું મને પ્રાયશ્ચિત્ત આપો !'

સમગ્ર સમવસરણમાં બિરાજતા દેવો, મુનિઓ, શ્રાવકો, શ્રાવિકાઓને જિજ્ઞાસુઓ : આ બાળમુનિ અઇમુત્તાની ધર્મપરિણત અંતરભાવનાને નિહાળી રહ્યા હતા. આટલો નાનો બાળક, પોતાના જીવનને નિર્મળ રાખવા કેવો પ્રયત્નશીલ છે ! સૌના અંતરમાં તેના પ્રતિ અહોભાવભરી અનુમોદના છલકાઇ રહી ત્યાં પ્રભુએ કહ્યું :

'તું ઇર્યાપથિકા સૂત્ર બોલ !'

એ સૂત્ર બોલતા બોલતાં જ આ નાનકડા સંયમી મુનિને કેવળજ્ઞાન થયું : પવિત્ર એ સાધુના જીવનમાં આવી મહાન નિર્મળતાનું સિંચન કર્યું કોણે ? વિનય એ જીવનની આધારશિલા છે. વિનય માનવીને સન્માર્ગે વાળે છે. ગૂમરાહને જીવનદિશા અર્પે છે. ગુરુપદનો અનન્ય મહિમા છે. ગુરુ એક હોય છે, શિષ્ય બે. બન્નેનું સમાન ઘડતર થાય છે. એક વિકાસ સિદ્ધ કરે છે. એક વિનાશ ! બીજામાં શું ખૂટે છે ? વિનય !

ગોશાલક પણ ભગવાનનો જ શિષ્ય ને ! એમના ચિત્તમાં પ્રસંગોની દૃશ્યાવલિ રચાઇ : જ્યારે આત્માની અનંત તાકાત વિસરાઇ ગઈ હતી. મંદિરે મંદિરે માનવી અંગતસુખો કાજે આસુરી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપાસનામાં મસ્ત હતો. યજ્ઞોની ધૂમ્રસેરોમાં હજારો અબોલ જીવોની હત્યા આક્રન્દ કરતી હતી. માણસ માનવતાને કચડી મોટો બનવા મથતો હતો. શુદ્ર અને નારી મરણના અભિશાપ જેવું જીવન જીવતા હતા ત્યારે, સુકાયેલી વેરાન ધરતીને મહોરાવવા જેમ વર્ષા આવે એ રીતે હણાયેલી માનવતાને ફરી સ્થાપવા ભગવાન મહાવીર જેવા જગદીપક પૃથ્વી પર આવ્યા.

ભગવાન મહાવીર પોતાના સત્ય અને અહિંસાના ઉપદેશથી ધર્મચક્રવર્તી તરીકે પ્રસિદ્ધ થયા.

સંસાર ત્યાગ પછી પહેલે જ પગલે અજાણ્યો ગોવાળ ગુસ્સાને કારણે રાશનો માર મારવા દોડયો કિન્તુ તેમને ત્યારે તો ઇન્દ્રે બચાવી લીધા. પછી તો કષ્ટોની પરંપરા ચાલી ને અંતે આવ્યો આ ગોશાલક !

ગોશાલક ભગવાન મહાવીરને એકમાત્ર પ્રતિસ્પર્ધી માનીને તેમને મિટાવી દેવા આવ્યો. શાસ્ત્રચર્ચાને બદલે તેણે ગાલીપ્રદાન આરભ્યું: શ્રમણ ભગવાન મહાવીરના મુનિઓમાં ઉશ્કેરણીનું મોજું ધૂસી રહ્યું. કિન્તુ ભગવાને એટલું જ કહ્યું :

'એની પ્રકૃતિ જ એવી છે. પ્રકૃતિને પ્રાણ સાથે જ જાય તેના પ્રત્યે ક્રોધને બદલે કરુણા જ શોભે.'

ગોશાલક વધુ ગુસ્સે ભરાયો, કટુવચનો બોલવા લાગ્યો. એને શિખામણ આપવા આવેલા ભગવાનના શિષ્ય સર્વાનુભૂતિ મુનિને એણે બાળીને ખાક કરી નાખ્યા ! એમના સ્થાને આવેલા સુનક્ષત્ર મુનિ પણ ગોશાલકની આંખમાંથી નીકળતી પીંગળી જવાળાઓમાં ભસ્મીભુત થયા.

સર્વત્ર ભયદ વાતાવરણ ફેલાયું : કેટલાક ભયને ભક્તિથી વદી રહ્યા. આવા સમયે ભગવાન મહાવીર આગળ આવ્યા. એમણે બીજા મુનિઓને પાછળ રાખી સ્થાન સંભાળ્યું,

ગોશાલક માટે આ સૌથી મોટી ઘડી હતી. મહાવીરને મિટાવીને એને શિષ્યત્વનુ કલંક દૂર કરવું હતું. એના માર્ગના સૌથી મોટા કંટક ભગવાન મહાવીર હતા. એ દૂર થાય તો ગોશાલક જગતમાં અપરાજય બની જાય.

ગોશાલકના અંગઅંગમાં ઝનુન વ્યાપી રહ્યું. એ સાત આઠ પગલાં પાછો ફર્યો. આંખોમાંથી નીકળતી ભસ્મીભૂત કરનારી પ્રચંડ આગને મહાવીર પર ઠેરવીને એણે ભયંકર ફૂત્કાર કર્યો. સળગતી આગનું એક પ્રચંડ વર્તુળ ભગવાનના દેહને વીંટળાઈ વળ્યું.

પણ આ શું ? ગોશાલક કંઇ વધુ વિચાર કરે તે પહેલાં તો એ તેજ વર્તુળ મહાવીરના દેહમાં પ્રવેશવાને બદલે એમની પરકમ્મા કરીને ગોશાલક તરફ ધસ્યું ને ગોશાલકના દેહમાં સમાઈ ગયું અને પળવારમાં તો ગોશાલક વિરૂપ બની ગયો !

ભગવાને એટલું જ કહ્યું :

'એક દિવસ તને મારા પર અંધ અનુરાગ હતો. આજે તું દ્વેષમાં અંધ બન્યો છે: રાગ અને દ્વેષ એ તો એક જ ઢાલની બે બાજુ છે. એને વિસરી જા. સ્વસ્થ થા ! શાંત થા ! આત્માના કલ્યાણનો વિચાર કર ! '

સાતમાં દિવસે કારમી વેદના અનુભવતો ગોશાલક મૃત્યુ પામ્યો !

અને સિંહ અનગાર ! એ પણ શિષ્ય જ ! એક ઉપસર્ગ કરે તો બાજો વેદના જોઈને હેરાન થઈ જાય ! ગોશાલકે મૃત્યુ પામતા પૂર્વે આગાહી કરી કે ભગવાન પણ છ માસથી વધુ નહિ જીવે. ત્યારે સિંહમુનિની વેદનાને સીમા નહોતી રહી : ભગવાનને પિત્તદોષ થયો, શરીર સૂકાઇને કાંટો થઇ ગયું !

ભગવાનની આ અવસ્થા નિહાળીને સિંહ અનગારની આંખોમાંથી આંસુ વરસવા લાગ્યાં. મનમાં થયું કે પ્રભુની આવી દશા ! જગતને સ્નેહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને પ્રેમનો અનુપમ સંદેશો આપનારની આવી અવસ્થા !

સિંહ અનગારની હૃદયની વેદનાએ માઝા મૂકી હતી. એના નયનોમાંથી અશ્રુનો ધોધ વહેતો હતો.

ભગવાને સિંહ અનગારને બોલાવ્યો ને કહ્યું :

'તારો શોક હું ઘણા વખતથી જાણું છું. તને મારા દેહ પર મોહ છે. ભલા, દેહની માયા કેવી ?'

ભગવાનની આવી મધુરવાણી સાંભળીને સિંહ અનગારને થોડી સાંત્વના થઈ; કિન્તુ પ્રભુનો કૃશ દેહ એનાથી જોયો જતો ન હતો. એણે કહ્યું :

'આપનો કૃશ દેહ મારાથી જોઈ શકાતો નથી. એનો કોઈ ઉપાય ખરો ?'

આ સમયે ભગવાન મહાવીરે કહ્યું કે 'મેંઢિય ગામના ગાથાપતિની પત્ની રેવતી પાસે જા, એણે બે ઔષધ તૈયાર કર્યાં છે. એક મારા માટે તૈયાર કર્યું છે. ને બીજું સામાન્ય કારણ માટે તૈયાર કર્યું છે. મારા માટે તૈયાર કર્યું છે તે ન લાવતો, કિન્તુ સામાન્ય કારણ માટે તૈયાર કરેલું ઔષધ લાવજે.'

સિંહ અનગાર તો તરત જ રેવતીના ઘરે પહોંચ્યો. એણે સામાન્ય કારણ માટે તૈયાર કરેલું ઔષધ માંગ્યું. રેવતી માટે આ જીવનની પરમ ધન્ય ઘડી હતી. પ્રભુએ એ ઔષધ આરોગ્યું ને એમની કાયા કંચનવર્ણી બની ગઈ.

અનેરો આનંદ અનુભવતી રેવતી અને પરમ-સુખનો અનુભવ કરતા સિંહ અનગારના જન્મ-મરણના ફેરા ટળી ગયા.

મનસ્ચક્ષુ સમક્ષ એ સંપૂર્ણ ઘટનાવલિ પસાર થઈ રહી હતી ત્યારે ગણધર ગૌતમસ્વામીને થતું હતું : પ્રભુએ કહેલી વાત તદ્દન સત્ય છે. ધર્મનું મૂળ વિનય છે. વિનયમાંથી જ ભક્તિ જન્મે છે. વિનય જ શ્રદ્ધાને કેળવે છે. સૌને વિકાસની ઝંખના થાય છે, સૌને મોક્ષનો અભિલાષ થાય છે, કિન્તુ સૌ એને પ્રાપ્ત કરી શકતા નથી ? કંઈક ખૂટે છે. એ વિનય ખૂટે છે. એટલે નમ્રતા ખૂટે છે. અભિમાન, દ્વેષ, રાગ તો ભવસંસાર સર્જે છે: જે ભવનો ભય સંપૂર્ણ મિટાવી દે છે એવા પરમાત્મા પાસે જવા વિનયના ધન વિના કેમ ચાલશે ? વિનય વિના ન સમ્યક્ત્વ મળે, ન મુક્તિ. જેના અંતરના આંગણે વિનયનો દીપ જલે, એને નિત્ય દીપાવલિ.

રાજગૃહિના રળિયામણા રાહ પર પસાર થતા ગુણશીલચૈત્યભણી વળ્યા ત્યારે ગણધર ગૌતમ-સ્વામીએ ભગવાન મહાવીરને મનોમન વંદના કરી : પ્રભુ, આપે જ આત્મકલ્યાણકારી વિનયનો માર્ગ શીખવ્યો છે : આપને પ્રણામ પ્રભુ !

## શોકાંજલિ

શેઠશ્રી ગંભીરદાસ ઓઘડભાઈ શાહ તા. ૨૫-૧-૯૨ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના પેટ્રન સભ્ય હતા. તેઓશ્રી ઉદારદીલના ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ મળે તેવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીરસ્વામીના સત્તાવીસ ભવની ટૂક હકીકત

ભવ ૧ લો-પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં નયસાર નામે ગામેતી [સમકિત પ્રાપ્તિ.]
ભવ ૨ જો-સૌધર્મ દેવ લોકમાં દેવ.
ભવ ૩ જો ભરત ચક્રવર્ત્તીના પુત્ર મરીચિ. ત્રિદંડીપણાની શરૂઆત.
ભવ ૪ થો પાંચમાં દેવલોકમાં દેવ
ભવ ૫ મો-કોલાક નગરમાં કૌશિક બ્રાહ્મણ ત્રિદંડી.
ભવ ૬ ઠ્ઠો થુણા નગરીમાં બ્રાહ્મણ ત્રિદંડી.
ભવ ૭ મો-સૌધર્મ દેવલોકમાં દેવ.
ભવ ૮ મો-અગ્નિદ્યોત બ્રાહ્મણ ત્રિદંડી.
ભવ ૯ મો-બીજા ઇશાન દેવલોકમાં દેવ.
ભવ ૧૦ મો મંદિરપુરમાં અગ્નિભૂતિ નામે બ્રાહ્મણ ત્રિદંડી.
ભવ ૧૧ મો-ત્રીજા સનત્કુમાર દેવલોકમાં દેવ.
ભવ ૧૨ મો-શ્વેતાંબી નગરીમાં ભારદ્વાજ નામે બ્રાહ્મણ ત્રિદંડી.
ભવ ૧૩ મો-ચોથા માહેંદ્ર કલ્પમાં દેવ.
ભવ ૧૪ મો-રાજગૃહી નગરીમાં સ્થાવર નામે વિપ્ર ત્રિદંડી.
ભવ ૧૫ મો-પંચમા બ્રહ્મ દેવલોકમાં દેવ.

અસંખ્ય ભવભ્રમણ

ભવ ૧૬ મો-વિશ્વભૂતિ નામે ક્ષત્રિય. નિયાણું કરનાર.
ભવ ૧૭ મો-સાતમા મહાશુક્ર દેવલોકમાં દેવ.
ભવ ૧૮ મો-પોતનપુરમાં ત્રિપૃષ્ઠ નામે વાસુદેવ.
ભવ ૧૯ મો-સાતમી નરકે નારકી.
ભવ ૨૦ મો સિંહ
ભવ ૨૧ મો-ચોથી નરકે નારકી.

અસંખ્ય ભવભ્રમણ

ભવ ૨૨ મો-સાધારણ મનુષ્ય, ચક્રવર્તી થવાનું પુન્ય બાંધનાર.
ભવ ૨૩ મો-પ્રિયમિત્ર ચક્રવર્તી મહાવિદેહે મુકા નગરીએ,
ભવ ૨૪ મો-સાતમા મહાશુક્ર દેવલોકમાં દેવ.
ભવ ૨૫ મો-છત્રિકા નગરીમાં નંદન નામના રાજર્ષિ.
ભવ ૨૬ મો દશમા પ્રાણત દેવલોકમાં દેવ.
ભવ ૨૭ મો-શ્રી મહાવીર પ્રભુ.

# શ્રી મહાવીર પરમાત્માના ગૃહસ્થપણાના ૩૦ વર્ષનું સંક્ષિપ્ત ચરિત્ર

શ્રી મહાવીરસ્વામીના ૨૭ ભવો પૈકી ખાસ ધ્યાન આપવા લાયક ત્રીજો ભવ મરિચીનો છે કે જેમા તેમણે નીચગોત્ર બાંધ્યું. પછી ૧૮ મો ત્રિપૃષ્ઠ વાસુદેવનો ભવ છે કે જેમાં અનેક પ્રકારના અશુભ કર્મો બાંધ્યા બાદ ૨૫ મો નંદનમુનિનો ભવ છે કે જેમાં લાખ વર્ષ પર્યંત સતત માસ-ખમણની તપસ્યા કરી અને તીર્થંકર નામકર્મ નીકાચીત કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atamnand Prakash Regd. No. G. BV. 31

વીરપ્રભુ છેલ્લા ૨૭ મા ભવમાં પ્રાણાત નામના દશમા દેવલોકથી ચ્યવી બ્રાહ્મણકુંડ ગામે ઋષભદત્ત બ્રાહ્મણને ત્યાં દેવાનંદાની કુક્ષીમાં અશાડ શુદિ ૬ કે ઉત્પન્ન થયા માતાએ ૧૪ સ્વપ્નો જોયા. ઋષભદત્તે તેનું ફળ કહ્યું કે-'તમને અતિ ઉત્તમ પુત્રની પ્રાપ્તિ થશે.' આ હકીકતને ૮૨ રાત્રિ વ્યતીત થતાં, સૌધર્મેન્દ્રે ભરતક્ષેત્ર તરફ ઉપયોગ દઇને જોયુ તો વીર પ્રભુના જીવને દેવાનંદાની કુક્ષીમાં ઉત્પન્ન થયેલ જોયો. એટલે તે હકકીત અધક્તિ જાણી હરિનૈગમેષી દેવને મોકલી તે ગર્ભ ક્ષત્રિયકુંડ ગામે સિદ્ધાર્થ રાજાની રાણી ત્રિશલા માતાની કુક્ષીમાં મૂકાવ્યો ત્રિશલા માતાએ ૧૪ સ્વપ્ન જોયા. સ્વપ્ન પાઠકોએ તેના ફળ કહ્યા. અનુક્રમે દોહલા પૂરતાં ગર્ભ વૃદ્ધિ પામ્યો અને ચૈત્ર શુદિ ૧૩ શે પ્રભુનો જન્મ થયો.

પ્રભુનું પ્રસૂતિકાર્ય કરવા ૫૬ દિશાકુમારિકાઓ આવી. ત્યારપછી સૌધર્મેન્દ્ર માતા પાસે આવી પાંચ રૂપ કરી પ્રભુને મેરુપર્વત પર લઇ ગયા. ત્યાં બધા ઇન્દ્રાદિકે મળી પ્રભુનો જન્મોત્સવ કર્યો. પછી સૌધર્મેન્દ્ર પ્રભુને ત્રિશલા માતા પાસે મૂકી ગયા. પ્રાતઃકાળે સિદ્ધાર્થ રાજાએ જન્મોત્સવ કર્યો અને બારમે દિવસે પ્રભુનું વર્ધમાન નામ પાડયું.

પ્રભુ આમલકી ક્રીડા કરવા ગયા. ત્યાં એક દેવે આવી પ્રભુના બળની પરીક્ષા કરી અને પ્રભુને અતુલ બળી જાણી મહાવીર નામ આપી સ્વસ્થાને ગયો. પ્રભુ આઠ વર્ષના થતાં માતાપિતાએ નિશાળે મૂકવાનો મહોત્સવ કર્યો. પ્રભુ તો જન્મથી ત્રણ જ્ઞાનયુક્ત હતા એટલે ગુરુ થનાર અધ્યાપકના સંશયોને દૂર કર્યા. પ્રભુ યૌવનવય પામતાં માતાપિતાએ યશોદા રાજપુત્રી સાથે પરણાવ્યા તેને પ્રિયદર્શના નામે પુત્રી થઇ. તેને સુદર્શનાના પુત્ર જમાલિ સાથે પરણાવી. પ્રભુને નંદીવર્ધન નામે મોટાભાઈ હતા. સુદર્શના નામે બહેન હતી. પ્રભુએ ગર્ભમાં કરેલા નિયમ પ્રમાણે તેમની ૨૮ વર્ષની વયે જ્યારે માતાપિતા સ્વર્ગવાસી થયા ત્યારે પોતાનો ચારિત્ર લેવાનો ભાવ નંદીવર્ધનને જણાવ્યો. તેમના આગ્રહથી બે વર્ષ પ્રભુ સંસારમાં અનાસક્તપણે રહ્યા. એક વર્ષ પછી લોકાંતિક દેવો આવ્યા બાદ એક વર્ષ પ્રભુએ અખંડ દાન દઇ દીક્ષા માટે નંદીવર્ધનની આજ્ઞા માગી. તે વખત સર્વ ઇંદ્રાદિ ત્યાં આવ્યા. પ્રભુનો દીક્ષા મહોત્સવ કર્યો. નંદીવર્ધને દીક્ષાનો વરઘોડો કાઢયો. પ્રભુ જ્ઞાતખંડ ઉદ્યાનમાં પધાર્યા અને વરઘોડેથી ઉતરી, વસ્ત્રાભૂષણો તજી દઇ, માગશર વદિ ૧૦ મે (ગુ. કાર્તિક વદિ ૧૦ મે) છઠ્ઠનો તપ કરી, સ્વયમેવ પંચમુષ્ઠી લોચ કરી, કરેમિભંતે ઉચ્ચર્યા. તે જ વખતે પ્રભુને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. પ્રભુએ સ્વજનોને પૂછીને ત્યાંથી વિહાર કર્યો. ઇંદ્રાદિક નંદીશ્વર દ્વીપે જઇ અઠ્ઠાઇમહોત્સવ કરીને સ્વસ્થાને ગયા. નંદીવર્ધન પ્રભુને નમીને સ્વસ્થાને ગયા.



For Private And Personal Use Only